# સત્સંગ સમાચાર

## સંતભગવંત સાહેબજી પ્રાગટ્યપર્વ વિવિધ કેન્દ્રોમાં ઉજવાયો

*** ઍલનટાઉન :** શ્રીહરિ જયંતી, ભગતજીમહારાજ પ્રાગટ્યપર્વ અને સંતભગવંત સાહેબજી પ્રાગટ્યમંગલનો ત્રિવેણી ઉત્સવ અમેરિકામાં અનુપમ મિશનના ઍલનટાઉન સ્થિત મંદિરે અનેક મંડળના મુક્તોએ એકત્ર થઈને ૨૪ માર્ચના રોજ ઊજવ્યો. આ પ્રસંગે સંતો અને વડીલ ભક્તોની ઉપસ્થિતિમાં મંડળનાં યુવાનો-યુવતીઓ અને ગૃહસ્થોએ પ્રભુ અને ગુરુહરિની આજ્ઞાપાલનને દઢ કરાવતી નૃત્યનાટિકા સ્વરૂપે સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો. શિષ્ય કે સાધક માટેનો ધ્રુવમંત્ર ‘કરિષ્યે વચનમ તવ’ – જે ગુરુદેવ યોગીબાપા પ્રતિ સાહેબજીના અનન્ય દાસભાવનું દષ્ટાંત છે, તે પ્રસંગો સ્વરૂપે તાદશ્ય કરાયું.

સુનિતાબહેન, છાયાબહેન, ડૉ. દ્રુપદભાઈ, કલાપીભાઈ, સોનલબા, મૂકેશભાઈ કઢીવાલા, વિષ્ણુભાઈ આદિએ સંતભગવંત સાહેબજીના અનન્ય મહિમાની વાતો કરી. ફૉન દ્વારા સંતભગવંત સાહેબજીએ સૌને રૂડા આશીર્વાદ અર્પી કૃતાર્થ કર્યાં અને સૌની સેવાને બિરદાવી. સૌએ હળીમળીને માહાત્મ્યયુક્ત સેવાઓ કરી સમૈયો દીપાવ્યો. ◆

*** ફ્રિમૉન્ટ :** ૧૦ માર્ચના રોજ અમેરિકાના ફ્રિમૉન્ટ મંડળમાં સંતભગવંત સાહેબજીના ૭૯મા પ્રાગટ્યપર્વની ભાવપૂર્ણ ઉજવણી ભક્તોએ ભેગા મળીને ચર્ચના વિશાળ હૉલમાં સંપન્ન કરી. યુવાનો-ગૃહસ્થોએ સુશોભન, સભાવ્યવસ્થા, મહાપ્રસાદ આદિની સેવાઓ કરી ભક્તિ અદા કરી. આ પ્રસંગે ઍલનટાઉન મંદિરેથી પૂ. જયેશભાઈ અને પૂ. નરેન્દ્રભાઈ પધાર્યા. પૂ. નરેન્દ્રભાઈનો પણ પ્રાગટ્યદિન હોવાથી તે ઊજવી સૌએ ખૂબ આનંદ કર્યો. જેમ દેહની સારવાર માટે દવાખાનું અને ડૉક્ટર હોય તેમ આત્માની સારવાર માટેનું દવાખાનું મંદિર છે અને ડૉક્ટર એ સંત છે તેમ જણાવી સંતોએ અદ્ભુત સત્સંગલાભ આપ્યો તેમજ સંતભગવંત સાહેબજીના અનુપમ મહિમાનાં ગાન કર્યાં. મંડળનાં નાનાં બાળભૂલકાંઓએ અને ભક્તોએ મહિમાગાન કર્યાં. ચેતનભાઈએ સભા-સંચાલન સંભાળ્યું. ભજનો ગાયાં અને ભક્તિ અદા કરી. સંતોના આશીર્વાદની હેલીમાં સૌ ગુલતાન બની ધન્ય થયાં. ◆

*** લૅકલૅન્ડ, ફ્લૉરિડા :** અમેરિકાના અનુપમ મિશનના લૅકલૅન્ડ કેન્દ્રમાં ૨૫ માર્ચના રોજ શ્રીહરિ જયંતી, ભગતજીમહારાજ પ્રાગટ્યપર્વ અને સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યોત્સવની ભાવપૂર્ણ ઉજવણી સૌ હરિભક્તોએ એકત્ર થઈને કરી. આ પ્રસંગે જયેશભાઈ, વાઘજીભાઈ, રમેશભાઈ, તેજલબહેન અને મીરાંબહેને પ્રાસંગિક માહાત્મ્યગાન કરી ભક્તિ અદા કરી. બાળ મંડળે ભગતજીમહારાજના પ્રેરક જીવનપ્રસંગોને સંવાદ સ્વરૂપે રજૂ કરી અનુપમ ભક્તિ અદા કરી. યુવક મંડળે સંતભગવંત સાહેબજીના જીવન પ્રસંગો, તેઓ દ્વારા અપાતો નિઃસ્વાર્થ પ્રેમ અને તેની યુવાસમુદાય પર હકારાત્મક અસરનું દર્શન સ્વાનુભવ તેમજ સંવાદ દ્વારા પ્રસ્તુત કર્યું. ભજન-સેવારૂપી ભક્તિ અર્પણ કરી મંડળનાં સૌએ સંતભગવંત સાહેબજીને રાજી કરવાના ભાવ ધર્યા. ◆

*** કૅનેડા :** અનુપમ મિશનના કૅનેડા કેન્દ્ર ખાતે સંતભગવંત સાહેબજીના ૭૯મા પ્રાગટ્યપર્વની ઉમંગપૂર્ણ ઉજવણી ભક્તો દ્વારા ૧૧ માર્ચના રોજ કરવામાં આવી. આ પ્રસંગે ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરેથી પૂ. જયેશભાઈ, પૂ. નરેન્દ્રભાઈ આદિ સંતો પધાર્યા અને સૌને સત્સંગનું અલભ્ય સુખ આપ્યું. ભક્તોએ ભજન અને માહાત્મ્યનાં ગાન કરી ભક્તિ અદા કરી. સૌએ ભેગાં મળીને સેવાઓ કરી આનંદ અનુભવ્યો. સંપ, સુહ્રદભાવ અને એકતાના પાઠ સૌએ દઢ કર્યા. સંતભગવંત સાહેબજી પ્રતિના પ્રેમ અને ભાવ સૌએ વ્યક્ત કર્યા. ◆

## સાઠંબા હરિમંદિરનો ૧૧મો પાટોત્સવ ઉજવાયો

૧૧ માર્ચના શુભ દિને ઉત્તર ગુજરાતના સાઠંબા ગામે સંતભગવંત સાહેબજી દ્વારા હરિમંદિરમાં પ્રતિષ્ઠિત થયેલ શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમમહારાજ, દેવો અને સૌ સ્વરૂપોની મૂર્તિના ૧૧મા પાટોત્સવ પૂજનના દિવ્ય આનંદને સ્થાનિક અક્ષરમુક્તોએ સંતો પૂ. રજનીભાઈ, પૂ. ગોવિંદભાઈ, પૂ. ગૌતમભાઈ, પૂ. રમેશભાઈ, પૂ. સતીશભાઈ, પૂ. નિખિલભાઈ આદિની સંનિધિમાં માણ્યો.

આ મંદિરમાં સ્થાનિક ભક્તો પ્રભુ અને ગુરુહરિની પ્રત્યક્ષ સંનિધિ માની વિવિધ પ્રવૃત્તિઓ, સમૈયા અને ઉત્સવો કરે છે. પ્રભુ સૌના ભાવ ગ્રહણ કરે છે અને મનવાંછિત ફળ આપે છે. સૌ મંદિર અને મૂર્તિ સાથે ગાઢ પ્રેમે બંધાયા છે અને પ્રગટ અને પ્રત્યક્ષ સ્વરૂપ સંતભગવંત સાહેબજી પ્રતિ નિષ્ઠા અને પ્રેમ વહાવી રહ્યા છે. આ અનુભૂતિને પાટોત્સવપર્વે સૌ ભક્તોએ સહજ વહાવી. મહાપૂજામાં યજમાનોએ બિરાજી ભાવ ધરી ભક્તિ અદા કરી. સંતોએ પાટોત્સવ પૂજન કર્યાં ને આશીર્વાદ વરસાવી સૌને ધન્ય કર્યા. સૌએ ભેગાં મળી સેવા કર્યાનો સંતોષ અને આનંદ માણ્યો. આ પ્રસંગે અમદાવાદના વડીલ અક્ષરમુક્તોએ પધારી સૌના આનંદમાં ઉમેરો કર્યો. ◆

## મિત્ર શાળાનાં ૧૦૬ દિવ્યાંગોએ હવાઈ સફર કરી વર્લ્ડ રૅકૉર્ડ સર્જ્યો

અનુપમ મિશન યોગી વિદ્યાપીઠના માધ્યમથી મિત્ર પુનર્વસન કેન્દ્ર સ્વરૂપે માનસિક પડકાર ધરાવતાં દિવ્યાંગ બાળકોની નિઃસ્વાર્થભાવે સેવામાં પ્રવૃત્ત છે. આ વર્ષે મિત્ર શાળા તેની રજત જયંતી ઊજવી રહ્યું છે ત્યારે તેની યશકલગીમાં નૂતન સિદ્ધિરૂપી આ પુષ્પ ઉમેરાયું છે. ૧૭ માર્ચ ૨૦૧૮ ને

શનિવારના રોજ મિત્ર શાળાનાં ૧૦૬ જેટલાં દિવ્યાંગ બાળકોએ તેઓના શિક્ષકો સાથે ઍરોપ્લેનમાં અમદાવાદથી મુંબઈ સુધીની હવાઈ સફર કરી વિશ્વવિક્રમ સર્જ્યો છે. આ સિદ્ધિની નોંધ અમદાવાદ સ્થિત એન.જી.ઓ. વર્લ્ડ રૅકૉર્ડ ઈન્ડિયા દ્વારા લેવાઈ છે અને તેઓ દ્વારા મિત્ર શાળાને વર્લ્ડ રૅકૉર્ડના પ્રમાણપત્ર દ્વારા પુરસ્કૃત કરવામાં આવશે.

આ સિદ્ધિ બીજી અનેક રીતે પણ વિશેષ બની રહી. આ દિવ્યાંગ બાળકોએ એક જ દિવસમાં નભ, જળ અને થળ એમ ત્રણેય પ્રકારની મુસાફરી કરી અનેરો અનુભવ પ્રાપ્ત કર્યો. હવાઈયાત્રા દ્વારા મુંબઈ પહોચ્યા બાદ તેઓએ ગેઈટ વે ઓફ ઈન્ડિયા આગળ બૉટિંગ દ્વારા દરિયાઈ સફર અને બસ દ્વારા મુંબઈ દર્શનનો આનંદ માણ્યો તેમજ તેઓ રેલવે મુસાફરી કરી સ્વસ્થાને આણંદ પરત ફર્યાં. સિદ્ધિવિનાયક મંદિર, નહેરુ સાયન્સ સૅન્ટર, હૅન્ગિંગ ગાર્ડન, ગેઈટ વે ઓફ ઈન્ડિયા, જુહુ-ચોપાટી, મહાલક્ષ્મી મંદિર આદિ ધાર્મિક અને જોવાલાયક સ્થળોની મુલાકાત લીધી. એક જ દિવસમાં મુસાફરીનાં વિવિધ માધ્યમોનો ઉપયોગ કરી જીવનનો શ્રેષ્ઠ અનુભવ મેળવવાની આવી સિદ્ધિનો સર્વપ્રથમ યશ પણ મિત્ર શાળાને જ પ્રાપ્ત થયો.

આ આખી યાત્રા દિવ્યાંગ બાળકોને સંસ્થા દ્વારા નિ:શુલ્ક ઉપલબ્ધ કરાવાઈ. જે માટે અનેક શુભેચ્છકોએ આર્થિક સહયોગ આપી સહકાર આપ્યો. મુંબઈની હવાઈ સફર કરનાર વિદ્યાર્થીઓ અને શિક્ષકો પૈકીનાં ૯૫ ટકાથી વધુઓએ તો જીવનમાં આ પ્રથમ અનુભવ પ્રાપ્ત કર્યો હતો. આમ તો, હવાઈ સફર કરવી એ ઘણાંનું સપનું હોય છે અને તે સપનું સાકાર કરી આપવા બદલ સર્વ વાલીઓએ અનુપમ મિશન સંસ્થાનો હૃદયપૂર્ણ આભાર પ્રગટ કર્યો. સમાજના શ્રેષ્ઠીઓએ પણ અનુપમ મિશનની આ ઉમદા સેવાભાવનાની સરાહના કરી. આવો અનેરો અનુભવ મેળવી દિવ્યાંગ બાળકોએ અત્યંત આનંદ અને ઉલ્લાસ પ્રાપ્ત કર્યો અને જીવનની ચિરંજીવ સ્મૃતિ પ્રાપ્ત કરી સૌ રોમાંચિત થયાં. ◆

## વેમાર મંદિરના દ્વિતીય પાટોત્સવપર્વે ઉજવાયો

**શ્રી 'વચનામૃત' પારાયણ :** વેમાર મંદિરના દ્વિતીય પાટોત્સવ પર્વે વેમાર અને આજુબાજુનાં ગામોના ભક્તોને સત્સંગ અને સંત-સમાગમનો લાભ પ્રાપ્ત થાય તે હેતુથી સંતભગવંત સાહેબજીની પ્રેરણા ને આશીર્વાદથી સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાના શ્રીમુખે શ્રી 'વચનામૃત' પારાયણનું આયોજન ૨૦થી ૨૨ માર્ચ દરમિયાન કરવામાં આવ્યું.

૨૦ માર્ચના રોજ વચનામૃત ગઢડા પ્રથમ ૬૮ - 'અષ્ટ પ્રકારની પ્રતિમામાં અને સંતમાં અખંડ રહ્યાનું', ૨૧ માર્ચના રોજ વચનામૃત ગઢડા મધ્ય ૨૧ - 'મુદ્દાનું' અને ૨૨ માર્ચના રોજ વચનામૃત ગઢડા પ્રથમ ૨૭ - 'ભગવાન અખંડ નિવાસ કરીને રહે તેવી સમજણનું' સમજાવી પૂ. અશ્વિનદાદાએ ઉપાસનાના દિવ્ય જ્ઞાનને છતું કરી સૌને અલભ્ય સુખ આપ્યું. તેઓએ જણાવ્યું કે, 'ગુણાતીત સંત પ્રભુને રહેવાનું ધામ છે, એવા સંત જ ભક્તને માટે મોક્ષનું દ્વાર છે. 'વચનામૃત'માં શ્રીજીમહારાજે ભક્તિમાર્ગ દ્વારા થતાં જીવ-પ્રાણીમાત્રનાં કલ્યાણની વાતો કરી છે. કલ્યાણ માટે બે મુદ્દા સમજી રાખવા કે, કર્તા-હર્તા પ્રભુ છે, જે મને મળ્યા તે ગુણાતીત સંતમાં પ્રગટ અને પ્રત્યક્ષ છે. એવા પ્રભુધારક સંત એ સંતભગવંત સાહેબજી છે, જે આપણા કલ્યાણદાતા છે. રખે માનતા કે આપણા જેવા છે, તેઓ પ્રભુનું સ્વરૂપ છે. એમનાં દર્શન-સ્પર્શનથી આપણાં કાર્યો થાય છે.' આવી દિવ્ય જ્ઞાન અને ઉપદેશની વાતો કરી પૂ. અશ્વિનદાદાએ અદ્‌ભુત બ્રહ્મજ્ઞાન પીરસ્યું.

ત્રણેય દિવસ વેમાર અને અન્ય મંડળના મુક્તોએ યજમાન પદની સેવા બજાવી ભક્તિ અદા કરી. વેમાર, પુનિયાદ, સાધલી, જૂની જીથરડી, નવી જીથરડી, અવાખલ, સેગવા, ભેખડા, પિસાઈ, સરભાણ, કરજણ, કાયાવરોહણ, વડોદરા, અંકલેશ્વર, સુરત, મુંબઈ, નવસારી, નિઝર, એના, તુંડી, નાની ચોવીસી, મોગરી, આણંદ, વલ્લભવિદ્યાનગર, અમદાવાદ, સાઠંબા, દહેગામ, માણાવદર આદિ મંડળોના અનેક અક્ષરમુક્તોએ પૂ. અશ્વિનદાદાના શ્રીમુખેથી વહેતી અમૃત બ્રહ્મપરાવાણીનો લાભ લીધો. છતી દેહે અક્ષરધામનાં સુખ, શાંતિ અને આનંદનો અનુભવ કર્યો.

**પાટોત્સવ પર્વ :** ૨૩ માર્ચના રોજ સદ્‌ગુરુ સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં વેમારના ઉપાસનાધામ મંદિરે પ્રતિષ્ઠિત શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમમહારાજ અને સર્વે દેવો-સ્વરૂપોની પાટોત્સવવિધિ સંપન્ન થઈ. ભક્તોએ પણ આર્દ્રહૃદયે પ્રભુને પ્રાર્થનાઓ ધરી. પ્રભુને વંદન ધરવાનો, સવિશેષ ભક્તિ અદા કરવાનો મોકો આ પાટોત્સવ પર્વે સૌને પ્રાપ્ત થયો. ભક્તોએ યજમાનપદે બિરાજી, પ્રભુનાં ચરણ પખાળી પાટોત્સવ પૂજન કર્યાં. સંતોએ રૂડા આશીર્વાદ પ્રદાન કરી સૌની ભક્તિને બિરદાવી. સૌએ અનુપમ આનંદનો અનુભવ માણી ધન્યતા માણી. ◆

**સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ :** પાટોત્સવપર્વનો લાભ લીધા બાદ વેમાર અને આસપાસનાં ગામ-મંડળોના મુક્તોએ એકત્ર થઈ સંતભગવંત સાહેબજીના તારીખ મુજબના પ્રાગટ્યપર્વના આનંદને વધાવ્યો. પૂજન-પુષ્પાર્પણ બાદ ચંદ્રકાંતભાઈ, અશ્વિનભાઈ-પ્રમુખ, નરસીદાસ, પૂ. પીટરભાઈ, પૂ. ઉત્પલભાઈ આદિ સંતો-ભક્તોએ સ્વાનુભવોનાં વર્ણન કરી માહાત્મ્યગાન કર્યાં. સદ્‌ગુરુ સંતો પૂ. હર્ષદદાદા, પૂ. રતિકાકા, પૂ. શાંતિદાદા, પૂ. અશ્વિનદાદા દાદાએ આશીર્વાદ આપ્યા. આ પ્રસંગે પૂ. ત્રિલોચના-દેવીજીએ તેમજ પૂ. જગદીશ્વરાનંદસ્વામીજી (નંદેરિયા આશ્રમ, ભીમપુરા)એ ખાસ પધારી સૌને દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો. સૌએ ભેગા મળીને સેવાઓ કરી આનંદ કર્યો.

## તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર શ્રીહરિ જયંતી ઉત્સવ ઉજવાયો

સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સર્વના પ્રેરક-પ્રવર્તક, નિયંતા પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને મર્યાદાપુરુષોત્તમ

ભગવાન શ્રી રામના પ્રાગટ્યપર્વની ભાવપૂર્ણ ઉજવણી ૨૫ માર્ચ ૨૦૧૮, શ્રી હરિ નોમના પાવન દિને પારમિતા મંદિરે સદ્‌ગુરુ સંતોના પાવન સાંનિધ્યે કરવામાં આવી. સમગ્ર મંદિર પ્રભુનાં દિવ્ય લીલાચરિત્રોથી સુશોભિત હતું અને સૌને પ્રભુના વિરાટ સ્વરૂપની અનુભૂતિ કરાવતું હતું. સવારથી હજારો ભક્તો પ્રભુનાં દર્શન કરવા પધાર્યા અને હૃદયની પ્રાર્થનાઓ ધરી. અનેક સંતો અને અક્ષરમુક્તોએ નિર્જલ કે નકોરડા ઉપવાસનાં વ્રત લઈ ભક્તિ અદા કરી.

સાંજે મોગરી યુવતી મંડળ દ્વારા પારમિતા મંદિરમાં ભક્તિભાવે મહાપૂજા દ્વારા વિશેષ પ્રાર્થનાઓ અને જનમંગલ નામાવલિના પાઠ કરવામાં આવ્યા. સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા, પૂ. પૂનમદાદાએ દીકરીઓની હાંહાંગડથલરૂપ ભક્તિને બિરદાવી સૌને રૂડા આશીર્વાદ આપ્યા. સંધ્યા આરતી બાદ અનુપમ સૂરવૃંદના સંતો-યુવકોએ પ્રભુમહિમાનાં કીર્તનોની રમઝટ બોલાવી વાતાવરણમાં દિવ્યતા પ્રસરાવી. સૌ કોઈ પ્રભુભક્તિમાં ગુલતાન બન્યાં. સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા અને પૂ. શાંતિદાદાએ રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા બાદ સૌએ સમૂહ આરતીનો લાભ લીધો અને પ્રભુના પ્રાદુર્ભાવને વધાવી લીધો. ◆

## શ્રદ્ધાંજલિ :

*** પૂ. કાંતાબા :** પૂ. કાંતાબા ૧૭ માર્ચ ૨૦૧૮ના રોજ અક્ષરધામ સિધાવ્યાં. U.S.A.માં વસતા ડૉ. વીરેન્દ્રભાઈ અને ડૉ. જિતુભાઈનાં માતુશ્રી પોતાના જીવનનાં ૧૦૦ વર્ષ જીવ્યાં. સંતાનોને ભક્તિના સંસ્કાર આપ્યા. ભગવાન સ્વામિનારાયણ પ્રગટ અને પ્રત્યક્ષ સાહેબજીમાં વિચરે છે તે ભાવનો પણ સ્વીકાર થયો. જીવનનાં છેલ્લાં વર્ષોમાં સતત પ્રભુભજન, પ્રભુસ્મરણ અને ભક્તિ કરતાં કરતાં અક્ષરધામગમન કર્યું. આવા દિવ્ય આત્માઓ પોતાનાં સંતાનો, સંબંધીઓમાં ભક્તિની સુવાસ અને સંસ્કારો પ્રસરાવે છે તેનું દર્શન ડૉ. જિતેન્દ્રભાઈ અને ડૉ. વીરેન્દ્રભાઈના પરિવારનાં દર્શન કરીને થાય છે. બંને દીકરાઓના પિતાશ્રી પૂ. ચતુરદાદા પણ કૉલેજકાળમાં જ પ્રત્યક્ષની નિષ્ઠાથી રંગાયેલા અને તેઓની આ સાધનાયાત્રામાં પૂ. કાંતાબાએ પણ સાથ આપી સંતાનોનાં જતન કરી સંસ્કાર અને ભક્તિ-ધર્મનાં પોષણ આપી જીવન ધન્ય કર્યું છે. પરિવારજનોને પ્રભુનું કર્તા-હર્તાપણું મનાયું છે અને નિયતિનો સ્વીકાર કર્યો છે તે સૌને ધન્યવાદ ! પૂ. કાંતાબાને અનંત પ્રણામ !

*** પૂ. તરુબા :** પ.પૂ. સાહેબજીનાં અત્યંત કૃપાપાત્ર યુ.એસ.એ. સ્થિત રાજલબહેન જયંતકુમાર પટેલનાં માતુશ્રી ૧૭ માર્ચ ૨૦૧૮ના રોજ તેઓના નડિયાદ મુકામે અક્ષરધામ સિધાવ્યાં. સમગ્ર જીવન ભક્તિમય જીવ્યાં અને સંતાનોને ભક્તિ-ધર્મના સંસ્કારો આપી જીવન ધન્ય બનાવ્યું. દીકરી રાજલબહેનના સંબંધે પ.પૂ. સાહેબજી અને સંતોના યોગમાં આવી ભક્તિનાં પોષણ મેળવ્યાં અને ધન્ય થયાં તેવી અનુભૂતિ કરી. પ્રભુ તેઓના આત્માને જન્મોજન્મ સેવામાં રાખે તેવી પ્રાર્થના છે ! તરુબાને વંદન છે !

*** પૂ. રાધેશ્યામભાઈ અગ્રવાલ :** પૂ. રાધેશ્યામભાઈ આણંદના નિષ્ઠાવાન હરિભક્ત. જીવનભર પ્રગટ સ્વરૂપો પ.પૂ. કાકાજી, પ.પૂ. પપ્પાજી, પ.પૂ. સ્વામીજી, પ.પૂ. સાહેબજીમાં પ્રત્યક્ષનો ભાવ કરી જીવ્યા અને જીવન ધન્ય કર્યું. સેવાના ખૂબ ઉમંગી, મહિમા તો અઢળક છલકે. સંતાનોને પ્રભુનો સંબંધ કરાવ્યો અને સેવામાં જોડ્યાં. દીકરીને ગુણાતીત જ્યોતમાં પ્રભુ ભજવા અર્પણ કરી ધન્ય થયાનો સંતોષ અનુભવ્યો. સાહેબજી પ્રગટ અને પ્રત્યક્ષ પ્રભુનું સ્વરૂપ છે તે ભાવે જોડાઈ તેઓના વચને સેવા-ભક્તિ કરતા રહ્યા. હરીશભાઈ અને રાજુભાઈ બંને દીકરાઓ સાથે સમગ્ર પરિવારને પ્રગટ-પ્રત્યક્ષની નિષ્ઠા કરાવ્યાનો સંતોષ માન્યો અને જીવન ધન્ય કર્યું. સંતો, સંત બહેનો, વ્રતધારી સંતો અને એકાંતિક મુક્તોને પોતાનાં સાચાં સ્નેહી-સંબંધી માની ભક્તિ કરી. તેઓએ પોતાનો દેહ ૨૧ માર્ચ ૨૦૧૮ના રોજ છોડી અક્ષરધામ પ્રતિ ગમન કર્યું. આવા દિવ્ય આત્માને વંદન !

*** પૂ. વિનુભાઈ પટેલ :** અમેરિકાના પિયોરિયા મંડળના ભક્તરાજ વિનુભાઈ પટેલ ૨૧ માર્ચના રોજ ૬૭ વર્ષની ઉંમરે અક્ષરધામ સિધાવ્યા. છેલ્લાં ૧૨થી પણ વધુ વર્ષોથી અનુપમ મિશન દ્વારા ડૉ. જિતુભાઈ-રીટાબહેનના નેતૃત્વમાં યોજાતી અઠવાડિક સત્સંગસભામાં નિયમિત હાજરી આપતા. વળી, પિયોરિયા ખાતે સનાતન મંદિરમાં સંતભગવંત સાહેબજીનાં કરકમલો દ્વારા પ્રતિષ્ઠિત થયેલી શ્રી અક્ષરપુરુષોત્તમમહારાજની મૂર્તિની આરતી કરી થાળ ધરતા. સૌ વતીથી નિયમિત ત્યાં પધારી ધૂન અને ભજન કરતા. તેઓના આવા સંસ્કાર સમગ્ર કુટુંબીજનોમાં અને સવિશેષ તો તેઓના પૌત્ર અને અનુપમ મિશન યુ.એસ.એ.ના યૂથ લીડર મીતમાં સહજ સ્થાપિત થયા. આવા દિવ્ય આત્માને ભાવપૂર્ણ પ્રણામ ! પ્રભુના કર્તાપણાનો યથાર્થ સ્વીકાર કરનાર સૌને વંદન !

*** વસુબા :** ગુણાતીત સમાજનાં માવતરસમ અનુપમ મુક્તરાજ પૂ. વસુબા મહેન્દ્રભાઈ ગાંધી ૭ માર્ચના રોજ અક્ષરધામ સિધાવ્યાં. વસુબા અને મહેન્દ્રભાઈએ યોગીબાપાની આજ્ઞાથી જ જીવન સત્સંગ-સેવાર્થે હોમ્યું. યોગીબાપાના નિર્દેશ અનુસાર તારદેવમાં પ.પૂ. કાકાજી, પ.પૂ. પપ્પાજી અને પ.પૂ. સોનાબાના સમાગમે સત્સંગ અને સેવાઓ કરી. શરૂઆતથી જ કાકાજી-પપ્પાજીનો યોગ તેથી તેઓના કાર્યમાં સંપૂર્ણ જોડાયાં અને વેગ આપ્યો. સર્વસ્વનાં સમર્પણ કર્યાં અને સ્વરૂપમાં સહેજ પણ મનુષ્યભાવ લાવ્યા વગર એકધારી ભક્તિ અદા કરી, આદર્શ ગૃહસ્થ-સાધુ તરીકે જીવન જીવ્યાં. આ યાત્રા દરમિયાન દીકરીઓ પૂ. શોભનાબહેન, પૂ. મીનાબહેન અને દીકરા પૂ. સુરેશભાઈને પૂ. પપ્પાજીના ચરણે સાધુ બનાવી સાધનામાં જોડ્યાં, ને દીકરા પૂ. અશ્વિનભાઈને સંતભગવંત સાહેબજીની સેનામાં સાધુ થવા બળ દીધાં. તેમજ દીકરા કિશોરભાઈએ ગૃહસ્થમાર્ગે સત્સંગના એ દિવ્ય સંસ્કારવારસાને દીપાવ્યો છે. આવાં આદર્શ માવતર સૌને માટે પ્રેરણાસ્રોત છે. પૂ. વસુબાને અનંત વંદન છે ! ◆

॥ સ્વામિશ્રીજી ॥

પ્રતિભાસંપન્ન ઊછરતી યુવાપેઢીમાં
સત્સંગ, સંસ્કાર અને ભક્તિનાં સિંચન તેમજ જતન કરવા
સંતભગવંત સાહેબજીની કૃપાશિષ અને આજ્ઞાથી યોજિત

### શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર-૨૦૧૮

શિબિર તારીખ : ૨૧થી ૨૭ મે, ૨૦૧૮
સ્થળ : તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, અનુપમ મિશન, મોગરી.

નોંધ : શિબિરમાં ભાગ લેવા માટેનાં અરજીપત્રક મેળવવા આપના પ્રદેશના સંયોજકશ્રી અથવા મંડળ સંચાલકશ્રીનો સંપર્ક કરવો.